**વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી–૩૯૬૪૫૦**

# પરિપત્ર

આથી નવસારી કૃષિ યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ હેડ/સબ યુનિટ કચેરીઓના વડાઓને જણાવવાનું કે, રાજયના ખેડૂતો યુનિવર્સિટીના કૃષિ વૈજ્ઞાનિકો સાથે ટેલિફોન, મોબાઈલ કે ઈન્ટરનેટના માધ્યમ થકી સીધો સંપર્ક કરીને તેઓની કૃષિ વિષયક સમસ્યાઓનું ઝડપી સમાધાન મેળવી શકે તે હેતૂસર અત્રેના એકમ દ્વારા માહે ફેબ્રુઆરી–૨૦૧૨ દરમ્યાન "સંપર્ક સેતૂ" નામની ટેલિફોન ડાયરી પ્રકાશિત કરવામાં આવેલ હતી. સદરહુ ડાયરી ખેડૂતો તથા કૃષિ વૈજ્ઞાનિકો માટે ખુબ જ ઉપયોગી સાબિત થયેલ હતી પરંતુ છેલ્લાં ત્રણ વર્ષમાં નવા તાંત્રિક અધિકારીઓની ભરતી થયેલ છે તેમજ જુના અધિકારીઓનો હોદ્દો, કચેરી, મોબાઈલ નંબર કે ઈ–મેઈલ એડ્રેસમાં ઘણાંબધા ફેરફારો થયા હોવાથી નવી ડાયરી છપાવવાનું નકકી કરવામાં આવેલ છે.

આ માટે યુનિવર્સિટી હેઠળના તમામ યુનિટ હેડ/સબ યુનિટ કચેરીઓના વડાઓએ તેઓની કચેરીમાં ફરજ બજાવતાં મદદનીશ પ્રાધ્યાપક સંવર્ગના અને તેથી ઉપરના તમામ તાંત્રિક કર્મચારીઓ/અધિકારીશ્રીઓની માહિતી નીચે દર્શાવેલ પ્રફોર્મામાં LMG-Arun 13 Font માં તૈયાર કરીને મોડામાં મોડી **તા.૦૩/૧૦/૨૦૧૫ સુધીમાં** નીચે સહી કરનારની કચેરીમાં રૂબરૂમાં પેન ડ્રાઈવ અથવા ઈ–મેઈલ : srthakore@nau.in ઉપર મોકલી આપવાની રહેશે.

મોડી માહિતી મોકલનાર કચેરીની યાદીનો સમાવેશ નવી છપાનાર ડાયરીમાં થઈ શકશે નહી, જેની જવાબદારી જે તે કચેરીના વડાની રહેશે, તો નિયત સમયાવધિમાં માહિતી બિનચૂક મોકલી આપવા વિનંતી છે.

- **કચેરીનું નામ :** ..........................................................................................................
- **કચેરીનો ટેલિફોન નંબર :** .................................. • **કચેરીનો ઈ–મેઈલ :** ..................................

| અ.નં. | કૃષિ વૈજ્ઞાનિકનું નામ અને હોદ્દો | વિષય | મોબાઈલ નંબર | ઈ–મેઈલ |
|---|---|---|---|---|
| ૧ | | | | |
| ૨ | | | | |
| ૩ | | | | |

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર યુનિવર્સિટીના કામકાજના હિતમાં બહાર પાડવામાં આવે છે, જેનો ચૂસ્તપણે અમલ થવા વિનંતી છે.

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ટી–૧/વેબ–૩૫/૨૦૧૫
નવસારી તા. ૨૧/૦૯/૨૦૧૫